**૧૧. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ:** આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે:

**(૧) Screening Test** (પ્રાથમિક કસોટી) નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર ૧૦૦ ગુણ અને ૧ કલાકના સમય માટે રહેશે. સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આ પ્રમાણે રહેશે: (૧) સામાન્ય વિજ્ઞાન, પર્યાવરણ તથા ઈન્ફરમેશન એન્ડ કોમ્યુનીકિશન ટેકનોલોજી (૨) ભારતનું બંધારણ : આમુખ-મૂળભૂત અધિકારો અને ફરજો- રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો- સંસદની રચના- રાષ્ટ્રપતિની સત્તા-રાજ્યપાલની સત્તા –ન્યાય તંત્ર-અનુ.જાતિ,અનુ.જનજાતિ અને સમાજના પછાત વર્ગો માટેની જોગવાઈઓ-એટર્ની જનરલ-નીતિ આયોગ –નાણા પંચ- બંધારણીય સંસ્થાઓ- ભારતનું ચૂંટણી પંચ,સંઘ લોક સેવા આયોગ, રાજ્ય સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (૩) તાજેતરના મહત્વના પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય મુદ્દાઓ / બનાવો (૪)ભારતની ભૂગોળ- ભૌગોલિક, આર્થિક, સામાજિક,ખેતી, કુદરતી સંશાધનો અને વસતી અંગેની બાબતો (૫) ગુજરાતનો સાંસ્કૃતિક વારસો – સાહિત્ય, કલા, ધર્મ અને સ્થાપત્યો (૬) સામાન્ય બૌધ્ધિક ક્ષમતાકસોટી (૭) ખેલ જગત (૮) ભારતની રાજનીતિ અને અર્થવ્યવસ્થા (૯) પંચાયતી રાજ (૧૦) ભારતનો ઈતિહાસ

**(૨) લેખિત મુખ્ય પરીક્ષાના** અભ્યાસક્રમમાં કુલ –૩ પેપર રહેશે: (૧) પેપર-૧, ગુજરાતી ( સ્નાતક કક્ષા ), ૧૦૦ ગુણ (૨) પેપર-૨, અંગ્રેજી (ઈન્ટરમીડીયેટ કક્ષા), ૧૦૦ ગુણ (૩) પેપર-૩, સામાન્ય અભ્યાસ ( સ્નાતક કક્ષા ), ૧૦૦ ગુણ હશે. પેપર-૧ તથા પેપર-૩ નાં પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું તથા પેપર-૨ ના પ્રશ્નપત્રનું સ્તર ઈન્ટરમીડીયેટ કક્ષાનું રહેશે. પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે. Screening Test (પ્રાથમિક કસોટી) માં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઈઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા તથા જાહેરાતની જોગવાઈ મુજબ શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા, જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના કેટેગરીવાઈઝ આશરે ત્રણ ગણા ઉમેદવારોને જ લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

www.gkgrip.c

(૩) Screening Test (પ્રાથમિક કસોટી)માં ઉમેદવારને કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી [O.M.R Answer Sheet] આપવામાં આવશે. પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નના જવાબમાં A,B,C,D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E 'Not attempted' તરીકેનો રહેશે. જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ E પસંદ કરી શકશે. ૩. (૧) ઉમેદવારે જે પ્રશ્નના જવાબ માટે જો પાંચમો વિકલ્પ E 'Not attended ' એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના "શૂન્ય " ગુણ ગણાશે અને તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહિ. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી [O.M.R Answer Sheet] માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D કે E ના વર્તુળને પૂરેપૂરું ભુરી / કાળી શાહીની બોલ પેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ શૂન્ય ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ. ૩. (૨) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે

આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ. **૩.(૩)** આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે. **૩.(૪)** ઉમેદવાર દ્વારા જવાબવહી [O.M.R Answer Sheet]માં જો બેઠક નંબર / પ્રશ્ન પુસ્તિકા નંબર કે પ્રશ્ન પુસ્તિકા સિરિઝ ખોટા લખવામાં આવશે કે આ બાબતે કોઈ ક્ષતિ પણ આચરવામાં આવશે તો તેવી જવાબવહીઓ તપાસવામાં આવશે નહીં. અને આવા પ્રકારની ક્ષતિઓ પરત્વે જો જવાબવહી તપાસ્યા બાદ પણ ક્ષતિઓ /અપૂર્ણતાઓ ધ્યાને આવશે તો તેવા ઉમેદવારને માત્ર આવા કારણોસર પણ અસફળ જાહેર કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈ રજુઆત / વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી તમામ ઉમેદવારોને O.M.R Answer Sheetમાં ભરવાની થતી વિગતો સંપૂર્ણપણે યોગ્ય રીતે ભરવા અને એનકોડ [Encode] કરવા પૂરતી ચીવટ અને કાળજી રાખવા ખાસ સૂચના આપવામાં આવે છે. **૩.(૫)** કોઈ ઉમેદવાર દ્વારા અરજીપત્રકમાં માન્ય રમત-ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ છે તેવી વિગત દર્શાવેલ હશે અને પાછળથી આ વિગત શરતચૂકથી દર્શાવેલ હતી કે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરી શકે તેમ નથી તેવી રજૂઆત મળશે તો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં. અને જો ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ હશે તો પણ અરજીપત્રકમાં ખોટી વિગત જણાવવાના કારણોસર ઉમેદવારી રદ કરવામાં આવશે. જેથી ઉમેદવારે આ અંગે અંગત કાળજી રાખવા સૂચના આપવામાં આવે છે. **૩.(૬)** પ્રાથમિક કસોટીના પરિણામને આધારે મુખ્ય લેખિત કસોટીમાં જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને પ્રવેશ આપવા માટે દરેક કેટેગરીની જગ્યાઓના સંદર્ભમાં લાયકી ધોરણ નક્કી કરવામાં આવે છે. આ લાયકી ધોરણમાં શારીરિક

www.gkgrip.com